**5th ભારત - વેનેઝુએલા વિદેશ કાર્યાલયની પરામર્શ બેઠક (26 નવેમ્બર, 2025)**

26 નવેમ્બર, 2025

આજે 5મી ભારત-વેનેઝુએલા વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (FOC) યોજાઈ. તેની સહ-અધ્યક્ષતા ભારત સરકારના વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) શ્રી પી. કુમારન અને વેનેઝુએલાના બોલિવેરિયન ગણરાજ્યના વિદેશ મંત્રી શ્રીમતી તાતિયાના જોસેફિના પગ મોરેનો દ્વારા કરવામાં આવી હતી.

2. બંને પક્ષો વેપાર, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, ડિજિટલ ટેકનોલોજી, કૃષિ, વિકાસ ભાગીદારી, સંસ્કૃતિ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો સહિતના મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવા સંમત થયા. તેમણે પરસ્પર હિતના બહુપક્ષીય મંચો પર સહયોગ વધારવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાની પણ પુનઃપુષ્ટિ કરી.

3. બંને પક્ષોએ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને ભારત-વેનેઝુએલા ભાગીદારીને આગળ વધારવા માટે બહુપક્ષીય મંચ પર નજીકથી સંકલન કરવા સંમત થયા.

4. પરસ્પર અનુકૂળ તારીખે કારાકાસમાં FOC ની આગામી બેઠક યોજવા પર સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

નવી દિલ્લી

26 નવેમ્બર, 2025